ઉનાઇમાં શિયાળાની ઠંડી રાત્રિનો લાભ ઉઠાવી તસ્કરો સક્રિય

# મંદિરની દાનપેટી તસ્કરો ચોરી ગયા

**પોલીસ** પેટ્રોલિંગ વધુ કડક બને તેવી લોકોની માંગ

**મંદિરના** પરિસરના સીસીટીવીમાં બે તસ્કરો કેદ થયા

**ચોરી** કરેલી દાનપેટી મંદિરના પાછળના ભાગે ૩૦૦ મીટર દુર તસ્કરો ફેંકી ગયા


નિલેશ કાપડિયા

વાંસદા : વાંસદાના ઉનાઈ ખાતે આવેલા સુપ્રસિદ્ધ યાત્રાધામ ઉનાઈ માતાજી મંદિરના પરિસરમાંથી તસ્કરો દાનપેટી ચોરી ગયા હતા. અજાણ્યા તસ્કરો મંદિરના સીસીટીવીમાં કેદ થયા હતા. વાંસદા પોલીસ મથકે અજાણ્યા તસ્કરો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરાઈ હતી.

વાંસદા તાલુકાના ઐતિહાસિક સુપ્રસિધ્ધ ઉનાઈ માતાજીના મંદિરમાંથી તસ્કરો દાનપેટી ચોરી ગયા હોવાની ઘટના પ્રકાશમાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે. મધ્યરાત્રિના સમયગાળા દરમ્યાન ઉનાઈ માતાજી મંદિર પરીસરમાં આવેલા શિવ મંદિરમાં બહાર સ્ટીલની ગ્રીલના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશી મંદિરની દાનપેટી ચોરી ગયા હતા. આ સમગ્ર ઘટના અંગે મંદિર ટ્રસ્ટના મેનેજર હરીશભાઈ પરમારે ઉનાઈ માતાજી મંદિર ટ્રસ્ટના સભ્ય અને વાંસદાના મામલતદાર મીત મોદીને જાણ કર્યા બાદ ચોરી અંગે ઉનાઈ માતાજી મંદિર પરીસરમાં લગાવેલા સી.સી. ટી.વી. કેમેરા ચેક કરતા રાત્રિના આશરે અઢી વાગ્યાના અરસામા બે અજાણ્યા તસ્કરો કેમેરામાં કેદ થયા હતા, જેમાં એક ઈસમે બ્લ્યુ કલરનું જેકેટ અને બ્લેક પેન્ટ પહેરેલુ હોય તથા બીજા ઈસમે ગ્રે કલરનું જેકેટ અને કથ્થઈ કલરનું પેન્ટ પહેર્યું હતું. આ બંને ઈસમોએ મોઢુ કપડાથી બાંધેલુ હતું.

બંને ઈસમો મંદિરના બહારના સ્ટીલની ગ્રીલના દરવાજામાં લગાવેલું તાળુ તોડી અંદર મુકેલી દાનપેટી ઉંચકી લઈ જઈ દર્શનાથીઓએ દાનપેટીમાં નાંખેલા રૂપિયા આશરે ૨૫,૦૦૦ ભરેલી દાનપેટી ચોરી કરી જઈ દાનપેટી મંદિરના પાછળના ભાગે ૩૦૦ મીટર દુર ફેંકી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. આ સમગ્ર બનાવ અંગે નિકુંજ ભીખુભાઈ પરમારે વાંસદા પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરુધ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી. **શિયાળાની ઠંડી રાત્રિનો લાભ ઉઠાવી તસ્કરો સક્રિય બનતા પોલીસ પેટ્રોલિંગ વધુ કડક બનાવવામાં આવે તેવી લોકોની માંગ ઉઠી છે.**

## અબ્રામામાં તસ્કરોનો તરખાટ, ચાર મકાનને નિશાન બનાવ્યા

**એક** મકાનમાંથી સોનાના દાગીના અને બાઇક મળી કુલ 1.41 લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરીને તસ્કરો ફરાર

વલસાડ : વલસાડના અબ્રામા વિસ્તારમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે. રાત્રે તસ્કરોએ અબ્રામાની બે સોસાયટીના કુલ ચાર બંધ મકાનના તાળા તોડ્યા હતા. જેમાં છોટુભાઈ પાર્કના એક મકાનમાંથી સોનાના દાગીના અને બાઇક મળી કુલ 1.41 લાખથી વધુના મુદ્દામાલની ચોરી કરીને તસ્કરો ફરાર થઈ ગયા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, વલસાડ અબ્રામાના છોટુપાર્ક-1 માં રહેતા તેજશર બાલુ પટેલ ગત ૨૮ ડિસેમ્બરના રોજ પરિવાર સાથે ધરમપુર ખાતે પોતાના સસરાને ત્યાં રોકાવા ગયા હતા. આ દરમિયાન બંધ મકાનનો લાભ ઉઠાવી તસ્કરોએ વહેલી સવારે ઘરના મુખ્ય દરવાજાનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. ચોરોએ ઘર માંથી સોનાના દાગીના આશરે 1,06,438 ની કિંમતના અને મોટરસાયકલ કિંમત 35,000ની મળી કુલ 1,41,438 ચોરી કરી હતી.

તસ્કરોએ માત્ર છોટુભાઇ પાર્ક જ નહીં, પરંતુ નજીકમાં આવેલી ગોકુલધામ સોસાયટીમાં પણ ત્રણ ઘરને નિશાન બનાવ્યા હતા. જોકે, નસીબજોગ ગોકુલધામના બે ઘરમાં તેઓ ચોરી કરવામાં નિષ્ફળ રહ્યા હતા, જ્યારે એક ઘરમાં હાથફેરો કરવામાં સફળ રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. બાજુના મકાનમાં લાગેલા CCTV ફૂટેજ તપાસતા બે અજાણ્યા ઇસમ મોઢે રૂમાલ બાંધીને દેખાયા હતા. આ શખ્સોએ પોતાની ઓળખ છુપાવવા માટે કેમેરાને ઢાંકવાનો પ્રયાસ પણ કર્યો હતો.

સવારે જ્યારે પડોશીએ ઘરનું તાળું તૂટેલું જોયું ત્યારે સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. શિયાળાની ઠંડી રાત્રિનો લાભ ઉઠાવી તસ્કરો સક્રિય થયા છે. પોલીસ પેટ્રોલિંગ વધુ કડક બને તેવી લોકોની માંગ છે. વલસાડ સિટી પોલીસ મથકે આ અંગે તેજશ પટેલે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તસ્કરોનું પગેરું દબાવવા તજવીજ હાથ ધરી છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભય ફેલાયો છે.

## ગુજરાતમાં ઠગાઇ કરનાર દિલ્હીના ઠગના જામીન નામંજૂર

**પ્રવાસીઓને** નશીલા પદાર્થ પીવડાવી અપહરણ અને લૂંટ કરતો હતો

**ફ્રાન્સની** બ્લાબ્લા એપ્લિકેશનમાં કાર બુક કરાવી સાથી પ્રવાસીઓને લૂંટતો હતો

વલસાડ : વલસાડ પોલીસે દેશના નવ રાજ્યોમાંથી ૩૮થી વધારે લૂંટ અને અપહરણના ગુનામાં સંડોવાયેલા જહર ખુરાની ગેંગ ના એક મુખ્ય આરોપીને રાજસ્થાનના જયપુર ખાતેથી ગિરફતાર કર્યો હતો. આરોપી બ્લાબ્લા જેવી રાઇડ-શેરિંગ એપ્લિકેશનનો દુરુપયોગ કરી પ્રવાસીઓને વિશ્વાસમાં લઈ, તેમને ખોરાક અને પીણાંમાં નશીલા પદાર્થો પીવડાવી બેભાન કરી, તેમની વસ્તુ લૂંટી રહ્યો હતો. ધરપકડ બાદ આરોપીએ જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી મુક્ત થવા વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં ચાર્જશિટ રજૂ થયા બાદ જામીન માટે અરજી કરી હતી. જેની સૂનાવણી હાથ ધરાતા જજ એચ.એન.વકીલે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આ જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

દિલ્હીનો ઠગ એટલે જહર ખુરાની ગેંગનો સભ્ય અંકુશ મદનલાલ પાલ (ઉ.વ.37) એ મુંબઇના એક રહીશને ખોરાકમાં નશીલો પદાર્થ આપી બેભાન કરી, તેની કાર સહિત અપહરણ કરી મહારાષ્ટ્ર લઈ ગયો હતો. તેણે તમામના મોબાઇલ ફોન, લેપટોપ અને બેંકના એટીએમ અને ક્રેડિટ કાર્ડ લઈ લીધા હતા અને તેણે રૂપિયા ૩,૪૯,૨૮૨ ની ઓનલાઇન ખરીદી કરી હતી. જેને પોલીસે તળિયા ઝાટક તપાસ કરી પકડી પાડ્યો હતો. આ કેસમાં જ્યુડિશ્યલ કસ્ટડીમાંથી છૂટવા આરોપી અંકુશે કરેલી જામીન અરજી નામંજૂર થઇ છે.

## કચરાનો નિકાલ કરવા મુકેલું મશીન ફરી શરૂ કરો

**વલસાડ** જિલ્લા કોંગ્રેસ હવે ડમ્પિંગ સાઇટના મુદ્દે આગળ આવી, પાલિકાને સમસ્યાનું નિવારણ પણ જણાવ્યું

વલસાડ : વલસાડ શહેરના કચરાના નિકાલ માટે ડમ્પિંગ સાઈટનો મુદ્દો છેલ્લા કેટલાક સમયથી વિવાદના વંટોળે ચઢ્યો છે.

આ સાઈટ વલસાડ તાલુકાના ઓવાડા ગામે બનાવવાનું કલેક્ટરે જણાવ્યા બાદ ગામના લોકોનો ભારે વિરોધ ઉઠ્યો હતો. આમ આદમી પાર્ટી પણ તેમના અવાજમાં જોડાઈ હતી. હવે વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિ આગળ આવી છે અને તેમણે આ સાઈટને ઓવાડા ગામે લઈ જવાના બદલે હાલની સાઈટ પર જ કચરાનો આધુનિક ઢબે નિકાલ કરવાનું જણાવ્યું છે.

વલસાડ જિલ્લા કોંગ્રેસ સમિતિએ આજરોજ વલસાડ કલેક્ટરને આપેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું કે, પાલિકા દ્વારા તેમની ડમ્પિંગ સાઈટ ઓવાડા ગામે લઈ જવાની વાત થઈ રહી છે, પરંતુ તે યોગ્ય નથી. ઓવાડા ગામ શહેરથી દુર છે. ત્યાં સુધી જવામાં પાલિકાના વાહનનો પેટ્રોલ ખર્ચ વધશે. તેમજ ગામની ખેતીલાયક જમીન પણ બગડશે. જેના બદલે હાલની પાલિકાની સાઈટ પર જ પાલિકાનું કચરાના નિકાલનું મશીન શરૂ કરવું જોઈએ. વલસાડ નગરપાલિકાએ વર્ષ 2001માં ડમ્પિંગ સાઈટ પર કચરાના નિકાલ માટે રૂપિયા 2 કરોડના ખર્ચે ટ્રોમેલ મશીન મુક્યું હતુ. આ મશીન હાલ બંધ હાલતમાં છે.

આ મશીન શરૂ કરાય અને વધુ એક મશીન મુકાય તો આધુનિક ઢબે 28 હજાર ટન કચરાનો નિકાલ થઈ શકે છે. તેમજ ત્યાં જગ્યા ખુલ્લી થાય તો કેટલાક ઉપયોગી પ્લાસ્ટીક, મેટલ વેસ્ટને જુદા પાડી તેને ભંગારમાં આપવાનો કોન્ટ્રાક્ટ આપી પૈસા ઉભા કરી પણ શકાય છે. ઉપરોક્ત રજૂઆતમાં કોંગ્રેસ સમિતિએ સમસ્યાનું નિવારણ પણ આપી દીધું હતુ.

## 'કાર દેખ કે ચલાના' કહેતા સરીગામના યુવક પર હુમલો

**હુમલો** કરનાર ચાલક અને તેના મિત્રો સામે ભીલાડ પોલીસમથકમાં ફરિયાદ

ઉમરગામ: કાર દેખ કે ચલાના આટલું જ કહેતા સરીગામમાં યુવાન પર ઉશ્કેરાયેલા કારચાલક અને તેના તેના મિત્રોએ હુમલો કરી માર માર્યો હતો.

સરીગામ દક્ષિણી ફળિયામાં રહેતા દિપકભાઈ રાજેન્દ્રભાઈ જોષી (ઉં.વ.22 ) શુક્રવારે સાંજે સરીગામ રાયસાગર વૃંદાવન પાર્કની સામે આવેલી દુકાનમાં બ્રેડ લેવા જતા હતા. તે વખતે એક કાળા કલરની વર્ના કાર પૂરઝડપે તેમની તરફ આવતા દિપકભાઈએ કારચાલકને 'કાર દેખ કે ચલાના' એમ કહેતા કારચાલક હસમત કારમાંથી નીચે ઉતાર્યો હતો અને ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવા લાગ્યો હતો અને તે વખતે તેનો મિત્ર આશિક અલી (રહે., સરીગામ) તથા અન્ય બે જણા પણ દોડી આવી માર મારવા લાગ્યા હતા અને હસમતે હાથમાં પહેરેલા કળાથી માથામાં મારતા લોહી નીકળવા લાગ્યું હતું અને તે બેભાન થઈ ગયો હતો. આરોપીઓ બીજીવાર આ એરિયામાં આવશો તો જાનથી મારી નાખીશું એવી ધમકી આપી જતા રહ્યા હતા. હાલ ફરિયાદી દીપકભાઈ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને આ બનાવ અંગે ભીલાડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## વેપારીને લાલ મરચાના પાઉડરમાં ભેળસેળ બદલ ૩ માસની કેદ

**ફૂડ** એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા ૨૦૧૮માં મહાદેવ ટ્રેડિંગ દુકાનમાં તપાસ કરી લાલ મરચાં પાઉડરના નમૂના લીધા હતા

વલસાડ : વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે આસુરા ઝાંપા પાસે મહાદેવ ટ્રેડિંગ કંપનીમાં ૭ વર્ષ અગાઉ ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે રેડ પાડી લાલ મરચાંના પાઉડરના નમૂના લીધા હતા, જે તપાસમાં અનસેફ અને સબ-સ્ટાન્ડર્ડ જાહેર થતા ધરમપુરની કોર્ટમાં કેસ ચાલ્યો હતો. જેની સુનાવણી પૂર્ણ થતા કંપનીના બંને ભાગીદારને કુલ રૂપિયા ૬ લાખનો દંડ અને ૩-૩ માસની કેદની સજા ફરમાવતો હુકમ કરાયો હતો.

આ કેસની વિગત એવી છે કે, ધરમપુરના આસુરા ઝાંપા પાસે સ્થિત મહાદેવ ટ્રેડિંગ કંપની નામની હોલસેલ દુકાનમાં ગત તા.૨૦ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ વલસાડ વર્તુળના ફૂડ સેફટી ઓફિસર સી.એન.પરમાર દ્વારા ટીમ સાથે અધિકૃત તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન માનવ વપરાશ માટે વેચાણ કરાતા સંગ્રહિત લૂઝ લાલ મરચાં પાઉડરના નમૂના લેવામાં આવ્યા હતા, જે તપાસ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જે અન્વયે ફૂડ એનાલિસ્ટ તરફથી પ્રાપ્ત થયેલા અહેવાલ મુજબ, લાલ મરચાં પાઉડરનો નમૂનો અનસેફ અને સબ-સ્ટાન્ડર્ડ જાહેર કરવામાં આવ્યો હતો. આ લાલ મરચાંના પાઉડરના નમૂનામાં નોન-પરમિટેડ સિન્થેટિક ઓઈલ સોલ્યુબલ કલર તથા ઘઉં અને ચોખાના સ્ટાર્ચ જેવી બાહ્ય ખાદ્ય સામગ્રીની હાજરી મળી આવી હતી, જે લાલ મરચાં પાઉડરમાં કાયદા મુજબ સંપૂર્ણ રીતે પ્રતિબંધિત છે અને જાહેર આરોગ્ય માટે હાનિકારક ગણાય છે.

આ કેસની તપાસ, મંજૂરી અને ટ્રાયલ પૂર્ણ થયા બાદ ધરમપુરની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ દ્વારા આ કેસનો ચુકાદો આપી આરોપીઓ ધુખારામ પુનમારામ ચૌધરી વિક્રેતા/ભાગીદારને રૂપિયા ૩ લાખનો દંડ અને ૩ માસની કેદ તથા પિરારામ હરદાનારામ ચૌધરી ભાગીદારને રૂપિયા ૩ લાખનો દંડ અને ૩ માસની કેદ એમ કુલ ૬ લાખ નો દંડ અને પ્રત્યેક આરોપીને ત્રણ માસની કેદની સજા કરાઈ છે.

### સરીગામમાં ગૌવંશની કતલના ગુનામાં ખાટકી સહિત બેની ધરપકડ

ઉમરગામ : ઉમરગામ તાલુકાના સરીગામમાં ગર્ભવતી ગોવંશની હત્યાની ઘટના પ્રકાશમાં આવી હતી. પોલીસે એક આરોપીને પકડી પાડ્યો હતો. જ્યારે બે આરોપીઓ નાસી ગયા હતા. આ ઘટનાને લઈને ભારે આક્રોશ જોવા મળ્યો હતો. હિન્દુ સંગઠનો તથા મુસ્લિમ સંગઠનોએ આ ઘટનાને વખોડી નિંદા કરી આરોપીઓ સામે કડક પગલાં ભરાઈ તેવી માંગ કરી હતી. આ ગુનાનો એક આરોપી સદામ ખાન (ઉંમર વર્ષ 20 રહે. સરીગામ) અને વાપી ટાઉન ગીતા નગર ખાતે રહેતો મૂળ યુપીનો ખુરશીદ ખાન (ઉંમર વર્ષ 42) ગૌમાંસ લેવાનો હતો તેની પોલીસે ધરપકડ કરી છે અને એક દિવસના રિમાન્ડ મેળવી વધુ તપાસ ભિલાડ પોલીસ સ્ટેશનના પીઆઇ પવાર કરી રહ્યા છે.

## ખંભાલીયામાં બે વર્ષના બાળકનું કાર અડફેટે મોત

વાંસદા : ખંભાલીયા ગામે ભાઈ - બહેન માર્ગ ક્રોસ કરી રહ્યા હતા ત્યારે બે વર્ષના ભાઈને કારચાલકે અડફેટે લેતા તેનું મોત નિપજ્યું હતું. ખંભાલીયા (ઉનાઈ) ગામે રહેતા દિલીપ ગોસ્વામીની પુત્રી ડિમ્પલ (ઉં.વ.૫) અને પુત્ર દિવ્યાંશ (ઉં.વ.૨) રવિવારે સાંજે ઘરેથી માર્ગ ક્રોસ કરી સામે જઈ રહ્યા હતા, તે દરમિયાન દિવ્યાંશને સ્વિફ્ટ ડિઝાયર કાર નંબર GJ15 AD 6063 ના ચાલક મહંમદ આશિફ યુનુસ ખલિફા (ઉં. વ.38 રહે. કુમકોતર તા.અંબિકા જિ. સુરત) એ કાર અડફેટે લેતા દિવ્યાંશને ગંભીર ઈજા થતાં તેને અડફેટે લેનાર કારમાં જ તેના પિતા સાથે વાંસદાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયો હતો. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરે દિવ્યાંશને મૃત જાહેર કરતા દિવ્યાંશના પિતા દિલીપભાઈ ગૌસ્વામીએ અકસ્માત કરનાર મહંમદ આશિફ ખલિફા વિરુધ્ધ વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## બાલદામાં બાયપાસ રોડ બનવો જોઈએ નહીં

**પારડીના** બાલદા બાયપાસ રોડ માપણી પ્રકરણમાં 8 થી 10 ગરીબ પરિવારના ઘરો બચાવવા પ્રાંતને આવેદનપત્ર


અમૃત પટેલ

પારડી : પારડીના બાલદા ગામમાં બાયપાસ રોડના માર્જિનની માપણીના પગલે ગ્રામજનોએ બાયપાસ રોડ નહી બનવા જોઈએ એવી માંગણી સાથે પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. પ્રાંત અધિકારી નિરવ પટેલને બાલદા ગામના સરપંચ રાહુલ પટેલ સહિત મોટી સંખ્યામાં ગ્રામજનોએ આવેદનપત્ર આપ્યું હતું. જેમાં બાલદા ગામમાંથી બુલેટ ટ્રેન સુપર એક્સપ્રેસ હાઈવે પ્રસાર થયો હોય જેમાં મોટી સંખ્યામાં લોકોની જમીનો ગઈ હોય સાથે સાયન્સ કોલેજ આઈટીઆઈ વગેરે માટે જગ્યાઓ સંપાદન થઈ હોય જેથી હવે બાલદાની ભૌગોલિક દ્રષ્ટિએ જગા બચી ન હોય જેથી હાલમાં નેશનલ હાઈવે નંબર 48 હોટલ પાસેથી સિવલ રોડ બાલદા પેટ્રોલ પંપ સુધી જે બાયપાસ રોડ માટે સરકાર દ્વારા માર્જિન માપણી કરવામાં આવી છે, તે અટકવી જોઈએ. પારડીમાં વિકાસ નકશા પ્રમાણે જે રિંગ રોડ બનાવવામાં આવ્યા છે, એ યથાવત રાખવા જોઈએ, એવી માંગણી સાથે પ્રાંત અધિકારીને બાયપાસ રોડ ન બનાવવા માટેનો વિરોધ કરી બાયપાસ રોડ અટકાવવા રજૂઆત કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ઉમરગામમાં સાંકડા સર્વિસ રોડની બાજુમાં ગટર માટે ખોદેલા ખાડામાં ટેમ્પો ફસાયો


ઉમેશ સોલંકી

ઉમરગામ : ઉમરગામ સ્ટેશન પર સાંકડા સર્વિસ રોડને લઈને વાહનચાલકો હાલાકી વેઠી રહ્યા છે. સોમવારે રોડની બાજુમાં ગટર માટે ખોદેલા ખાડામાં એક ટેમ્પો ફસાઈ ગયો હતો. પૂર્વ અને પશ્ચિમને જોડતો ઉમરગામ સ્ટેશન સોળસુંબામાં રેલવે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. ઓવરબ્રિજની નીચેનો સર્વિસ રોડ ખૂબ જ સાંકડો હોય લોકો અને વાહન ચાલકોને પડી રહેલી મુશ્કેલી અંગે વારંવાર રજૂઆતો આગેવાનો અને સ્થાનિક અગ્રણીઓએ સાંસદ ધવલભાઇ પટેલ, ધારાસભ્ય રમણભાઈ પાટકર, જિલ્લા કલેક્ટર સુધી કરી છે. સર્વિસ રોડ પહોળો કરવા લાઈન દોરીમાં આવતા દબાણો દૂર કરવા લોકો માંગ કરી રહ્યા છે. તેમ છતાં પણ નક્કર કાર્યવાહી થતી ન હોય લોકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

### વાપીમાં શ્રીશ્યામ નિત્યજ્યોત પાઠ-ભજન સંધ્યામાં ભક્તો ઉમટ્યા



વાપી : વાપી નામધા રોડ સ્થિત બાબા રામદેવ મંદિરમાં શ્રી શ્યામ નિત્ય જ્યોત પાઠ અને ભજન સંધ્યા કાર્યક્રમનું બે દિવસીય આયોજન શ્રી ખાટુ શ્યામ પ્રચાર મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં શનિવારે જ્યોત પ્રજ્જવલિત કરી સૂરજગઢના નિશાન અને સિગડી યાત્રા ભક્તિના તાલે વાપી ટાઉન બજાર સ્થિત સિદ્ધનાથ મહાદેવ મંદિરથી નીકળી બાબા રામદેવ મંદિર પહોંચી હતી. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. શ્રી શ્યામ નિત્ય જ્યોત પાઠ કરવામાં આવ્યા હતાં. કાર્યક્રમ દરમિયાન ભક્તજનો માટે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. વાપી, ભિલાડ, દમણ, સેલવાસ દ્વારા શ્રી ખાટુશ્યામ પ્રચાર મંડળનું 20 મું વર્ષ હોય જેના ઉપલક્ષમાં વિશાળ ભજન સંધ્યાનું આયોજન કરાયું હતું. જેમાં આમંત્રિત કલાકારો દ્વારા આગવી શૈલીમાં ભક્તોને ભજનનું રસપાન કરાવ્યું હતું. દર વર્ષે મોટી સંખ્યામાં ભક્તજનો આ ભજન સંધ્યાનો લાભ લઈ રહ્યા છે.

### વલસાડની R.M.-V.M.DESAI વિદ્યાધામમાં એન્યુઅલ-ડે ઉજવાયો



વલસાડ : વલસાડ સાર્વજનિક કેળવણી મંડળ સંચાલિત આર.એમ. એન્ડ વી.એમ.દેસાઈ વિદ્યાધામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં એન્યુઅલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન તરીકે સાંસદ ધવલ પટેલ, ધારાસભ્ય ભરત પટેલ તેમજ જિલ્લા શિક્ષણ અધિકારી ડો.રાજેશ્રીબેન ટંડેલે અતિથિ વિશેષ તરીકે હાજર રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. વાર્ષિક સાંસ્કૃતિક મહોત્સવ કાર્યક્રમનું આકર્ષણ વિવિધતામાં એકતા થીમ પર આધારિત ભારતના વિવિધ રાજ્યોના પારંપરિક નૃત્યોની પ્રસ્તુતિ, દેશભક્તિ અને સામાજિક મૂલ્યો પર આધારિત નાટક, સંગીત અને સર્જનાત્મક કલાના વિવિધ પ્રયોગો દ્વારા વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા દ્વારા ઉપસ્થિત મહેમાનો અને વાલીઓના મન મોહી લીધા હતા. અતિથિ વિશેષે પ્રશંસા કરતા જણાવ્યું કે સ્નેહબંધ આયોજન કરવા બદલ શાળાના મેનેજમેન્ટ, શિક્ષકો અને કઠોર મહેનત કરનાર વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓમાં રહેલું જ્ઞાન અને ભારતીય સંસ્કૃતિનું શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને આચાર્યા બિજલ આઈ.પટેલ, પ્રમુખ વિનોદચંદ્ર દેસાઈ, મંત્રી દોલત દેસાઈ, એમ.ડી.અલ્પાબેન નાયક તેમજ શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

### રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટી, વાપીનો પ્રથમ દીક્ષાંત સમારોહ યોજાયો



વાપી : રજ્જુ શ્રોફ રોફેલ યુનિવર્સિટી (RSRU) વાપી દ્વારા પ્રથમ દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક શૈક્ષણિક પ્રસંગે યુનિવર્સિટીના MBA તથા M.Pharm વિદ્યાર્થીઓને ઔપચારિક રીતે ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ દીક્ષાંત સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ મંત્રી ડો.પ્રદ્યુમન વાજા ઉપસ્થિત રહ્યા હતાં. અતિથિ તરીકે નાણા મંત્રી કનુભાઈ દેસાઈ હાજર રહ્યા હતા. સમારોહમાં પદ્મભૂષણ રજ્જુભાઈ શ્રોફ, RSRU ના મુખ્ય સંરક્ષક, રોટેરિયન ભરત પટેલ, RSRUના અધ્યક્ષ ડૉ.અરિંદમ પોલ, ઈન્ચાર્જ પ્રોવોસ્ટ, RSRU ડૉ.પ્રિયકાંત વેદ, ઈન્ચાર્જ રજિસ્ટ્રાર, RSRU ડીન મેનેજમેન્ટ ફેકલ્ટી, RSRU ડૉ.કેદાર શુક્લા તથા પરીક્ષા નિયંત્રક, RSRU ડૉ.ગૌરવ ઠકરારની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાયો હતો. ઈન્ચાર્જ પ્રોવોસ્ટ ડૉ.અરિંદમ પોલ દ્વારા વાર્ષિક અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. મુખ્ય અતિથિ ડૉ. પ્રદ્યુમન વાજા દ્વારા દીક્ષાંત સંબોધન આપવામાં આવ્યું હતું અને તેમના હસ્તે વિજેતા વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ એનાયત કરાયા હતા. કનુભાઈ દેસાઈએ તેમના પ્રેરણાદાયી ઉદબોધનમાં વિવિધ ક્ષેત્રોમાં રહેલી કારકિર્દીની નવી તકો પર પ્રકાશ પાડ્યો હતો. અને પદવીધારક વિદ્યાર્થીઓને શુભકામના પાઠવી હતી. અંતે ડૉ. પ્રિયકાંત વેદ દ્વારા આભારવિધિ સાથે સમારોહનું સમાપન કરવામાં આવ્યું હતું.

### વાપી સલવાવમાં બાઈક સ્લિપ થતાં યુવકનું મોત

વાપી: વાપી સલવાવ માર્ગ ઉપર મિત્રો બાઈક લઈને જઈ રહ્યા હતા અને બાઈક સ્લીપ થતાં ચાલકનું મોત નિપજયું હતું. જયારે પાછળ બેસેલા યુવકને માથામાં ગંભીર ઈજા પહોંચતા બેભાન થયો હતો. મૂળ યુપી અને હાલ વાપી નજીકના છરવાડામાં સોનુરામ ગીગારામ સૈની (ઉ.વ.35) રહે છે. તેમના કુંટુંબીભાઈ અભિનવ સીંગ તેના મિત્ર સ્વરાજ વિકાસ અવાડ (રહે., છરવાડા, વાપી) સાથે બાઈક પર બેસી સલવાવ જઈ રહ્યા હતા તે સમયે છરવાડાથી સલવાવ જતાં માર્ગ ઉપર બાઈક સ્લિપ થતા બંને માર્ગ પર પટકાયા હતા. જેમાં સ્વરાજ અવાડને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક વાપીની હોસ્પિટલ ખસેડયો હતો, જયાં હાજર તબીબે મૃત જાહેર કર્યો હતો. જયારે અભિનવને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચેલી હોય બેભાન અવસ્થામાં છે અને સારવાર ચાલી રહી છે. આ બનાવ અંગેની ફરિયાદ સોનુરામ સૈનીએ વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.